Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-JOURNAL (HISTORY) SINCE 2019
E-ISSN No. 2582 – 046X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

# સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહાત્મા ગાંધીજીની ભૂમિકા

**Mr. Pratapsinh Ranaji Venziya**
PhD Research Scholar
Hemchandracharya North Gujarat University,
Patan

(B.A., M.A., M.Phil. With History)
9-160-1K, Rajput Vas, Near Hinglaj
Temple, Wav – 385575
Email ID: prince24193@gmail.com

## સારાંશ

મહાત્મા ગાંધીજી નું નામ સાંભળતાની સાથે જ આપણને એ પુજારીના દર્શન થાય જેમણે ભારતની આઝાદીમાં અહિંસાના માર્ગે ચાલીને વિશ્વમાં અત્યંત મહત્વની ઓળખ ઊભી કરેલ આપણાને જોવા મળે છે. ભારતીય ઇતિહાસમાં આપણને એમણે આપેલા બલિદાન ક્યારેય ભુલી શકીએ તેમ નથી. **“સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહાત્મા ગાંધીજીની ભૂમિકા” નામે સંશોધન પેપરમાં મહાત્મા ગાંધીજીએ ભાગ ભજવેલ મહત્વના સાત સંગ્રામો વિશે ટુંકમાં ઐતિહાસિક બાબતોને તારવવાનો પ્રયાસ કરવામા આવેલ છે. મહાત્મા ગાંધીજીએ ભાગ ભજવેલ મહત્વના સાત સંગ્રામોમાં.......**

1. પ્રથમ વિશ્વયુધ્ધ
2. ચંપારણ સત્યાગ્રહ
3. ખેડા સત્યાગ્રહ
4. ખિલાફત આંદોલન
5. અસહકાર આંદોલન
6. મીઠા સત્યાગ્રહ
7. ભારત છોડો આંદોલન

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

## પ્રસ્તાવના

અહિંસાના માર્ગે ચાલનાર ભારતના એ મહાન ક્રાંતિકારી એટલે મહા ગાંધીજી. ભારતીય ઇતિહાસમાં અઢારમી સદીથી અંગ્રજો ભારતમાં આગમન કરે છે અને ત્યાર બાદ ૨૫૦ વર્ષ જેટલા લાંબા સમય સુધી આપણા હિંદુસ્તાન (ભારત) પર વહિવટ કરે છે. આ સમય દરમિયાન ભારતની આઝાદી માટે અનેક સ્વતંત્રતા સંગ્રામો આપણને જોવા મળે છે. જે પૈકી મહાત્મા ગાંધીજીએ ભાગ ભજવેલ મહત્વના સાત સંગ્રામોની અહિયા રજૂઆત કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.

મહાત્મા ગાંધી એવા નેતા હતા જેમણે ભારતને આઝાદી તરફ ભારતના વિશાળ સમુદાયને સ્વતંત્રતાની લડાઈમાં અહિંસાના માર્ગે દોરવાનું મહત્વનું કાર્ય કર્યું હતું. આપણો દેશ ભારત ૨૫૦ વર્ષથી વધુ સમય સુધી બ્રિટીશ શાસન હેઠળ હતું. ગાંધીજી ગોપાલ કૃષ્ણ ગોખલેની વિનંતીથી ૧૯૧૫માં દક્ષિણ આફ્રિકાથી ભારત પાછા ફર્યા હતા.

ભારતીય સ્વતંત્રતા ચળવળમાં ગાંધીજીના યોગદાનને શબ્દોમાં માપી શકાય નહીં. તેમણે અન્ય સ્વાતંત્ર્ય સેનાનીઓ સાથે બ્રિટિશરોને ભારત છોડવા દબાણ કર્યું. તેમની નીતિઓ અને એજન્ડા અહિંસક હતા અને તેમના શબ્દો લાખો લોકો માટે પ્રેરણાદાયક હતા.

## પ્રથમ વિશ્વયુધ્ધ

ભારતના તત્કાલીન વાઇસરોય લોર્ડ ચેલ્મ્સફોર્ડે ગાંધીજીને યુદ્ધ પરિષદમાં દિલ્હી આમંત્રણ આપ્યું હતું. સામ્રાજ્યનો વિશ્વાસ મેળવવા માટે, ગાંધીએ લોકોને પ્રથમ વિશ્વયુદ્ધ માટે સૈન્યમાં ભરતી કરવા માટે ખસેડવાની સંમતિ આપી. જોકે, તેમણે વાઇસરોયને પત્ર લખીને કહ્યું કે તેઓ "વ્યક્તિગત રીતે કોઈને, મિત્ર કે શત્રુને મારશે નહીં અથવા ઈજા પહોંચાડશે નહીં".

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

એપ્રિલ 1918 માં, પ્રથમ વિશ્વયુદ્ધના ઉત્તરાર્ધ દરમિયાન, અંગ્રેજ વાઇસરોયે ગાંધીજીને દિલ્હીમાં યોજાયેલ યુદ્ધ સંમેલનમાં આમંત્રણ આપ્યું. ગાંધીજી યુદ્ધના પ્રયત્નો માટે ભારતીયોની સક્રિય ભરતી કરવા સંમત થયા હતા. 1906 ના ઝુલુ યુદ્ધ અને 1914 માં પ્રથમ વિશ્વ યુદ્ધ ફાટી નીકળવાની વિપરીત, જ્યારે તેમણે એમ્બ્યુલન્સ કોર્પ્સ માટે સ્વયંસેવકોની ભરતી કરી, આ વખતે ગાંધીજીએ લડવૈયાઓની ભરતી કરવાનો પ્રયાસ કર્યો. જૂન 1918ની "Appeal for Enlistment (નોંધણી માટેની અપીલ)" નામની પત્રિકામાં લખ્યું હતું કે,

"To bring about such a state of things we should have the ability to defend ourselves, that is, the ability to bear arms and to use them... If we want to learn the use of arms with the greatest possible despatch, it is our duty to enlist ourselves in the army."

અર્થાત્ : "આવી સ્થિતિઓ લાવવા માટે આપણી પાસે પોતાનો બચાવ કરવાની ક્ષમતા હોવી જોઈએ, એટલે કે, હથિયાર સહન કરવાની અને તેનો ઉપયોગ કરવાની ક્ષમતા... જો આપણે સૌથી વધુ સંભવિત મજબૂત ક્ષમતા સાથે શસ્ત્રોનો ઉપયોગ શીખવા માંગતા હોવ, તો આપણી ફરજ છે કે આપણે પોતાને લશ્કરમાં દાખલ કરીએ."

ગાંધીની યુદ્ધ ભરતી ઝુંબેશ અહિંસા પ્રત્યેની તેમની સુસંગતતાને પ્રશ્નાર્થમાં લાવ્યા. ગાંધીજીના ખાનગી સચિવે નોંધ્યું હતું કે "તેમની 'અહિંસા' (અહિંસા) ની સંપ્રદાય અને તેમની ભરતી ઝુંબેશ વચ્ચે સુસંગતતાનો પ્રશ્ન ત્યારે જ ઉભો થયો હતો, ત્યારથી ચર્ચા થઈ રહી છે.

## ચંપારણ સત્યાગ્રહ

ચંપારણ સત્યાગ્રહ (૧૯૧૭) એ મહાત્મા ગાંધી દ્વારા પ્રેરિત અને ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામનો સૌથી મોટો બળવો તેમજ પહેલા સત્યાગ્રહનું આંદોલન હતું. આ ખેડૂત બળવો હતો જે બિહારના ચંપારણ જિલ્લામાં થયો હતો. તેમણે ખેડુતોને ગળીની (નીલ) ની ખેતિ કરવાની ફરજ પાડતા બ્રિટિશ

Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-JOURNAL (HISTORY)
SINCE 2019
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

સંસ્થાનવાદ સામે બળવો કર્યો. ભારતીય રાષ્ટ્રવાદી ચળવળમાં ગાંધીને આગળ મૂકવા અને સત્યાગ્રહને નાગરિક પ્રતિકારનું શક્તિશાળી સાધન બનાવવા માટે જવાબદાર ચળવળ સત્યાગ્રહ હતો.

બિહારમાં ચંપારણ આંદોલન ભારતીય સ્વતંત્રતા રાજકારણમાં ગાંધીની પહેલી સક્રિય સામેલગીરી હતી. ચંપારણના ખેડુતોને ગળીની ખેતિ કરવાની ફરજ કરેલ અને જો તેઓ વિરોધ કરે તો તેમને ત્રાસ આપવામાં આવી રહ્યો હતો. ખેડુતોએ ગાંધીની મદદ માંગી અને ગણતરીના દિવસોમાં અહિંસક વિરોધ દ્વારા ગાંધીજી અંગ્રેજ સત્તા પાસેથી રાહતો મેળવવામાં સફળ થયા.

બિહારના પશ્ચિમોત્તર વિસ્તારના ચંપારણમાં અંગ્રેજો દ્વારા ભૌતિક વિજ્ઞાન ના ત્રણ ભાગમાં ગળી ને ખેતી કરવામાં માટે ખેડૂતોને મજબૂર કરવામાં આવ્યા હતા. રાજકુમાર શુકલા આ પ્રદેશના સમૃદ્ધ ખેડૂત હતા. તેમના પર અંગ્રેજો દ્વારા થતા દમનની રજૂઆત ગાંધીજીને વારંવાર કરવાના કારણે ૧૦મી એપ્રિલ ૧૯૧૭ના રોજ ગાંધીજી ચંપારણ પહોંચ્યા અને સાથે વ્રજકિશોર પ્રસાદ, રાજેન્દ્ર પ્રસાદ, અનુરાગ નારાયણ સિંહા, બાપુ ગયાપ્રસાદ સિંહા, જે.પી. કૃપલાણી સહિત વકીલોની ટીમ પણ સાથે પહોંચી હતી

ગામલોકોને વિશ્વાસમાં લઈને સફાઈ કામગીરી અને આરોગ્ય ધામ નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવ્યું. લોકોને અંધશ્રદ્ધા અને બદીથી દૂર રહે એ માટે જાગૃત કરવાનું કાર્ય હાથ ધરવામા આવ્યું. ચંપારણમાં ચાલતા આ અભિયાનોથી અંગ્રેજ સરકાર હરકતમાં આવી ગઇ. જેના પરિણામે ગાંધીજીની ધરપકડ કરી અને પ્રદેશ છોડવા આદેશ કરવામાં આવે છે. ત્યારે ત્યાંના ખેડૂતો વિશાળ સંખ્યામાં હાજર રહીને તેમને છોડી દેવાની માંગ કરી અને અંતે ગાંધીજી અને સરકાર વચ્ચે કરાર થયો અને

Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-JOURNAL (HISTORY)
SINCE 2019
E-ISSN No. 2582–046X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

તેમણે કરેલી માંગણીઓ સ્વીકાર કરવામાં આવી. આ ચળવળની પહેલીવાર ગાંધીજીને 'મહાત્મા' તરીકે સંબોધનની શરૂઆત કરવાનિ થઈ હતી.

## ખેડા સત્યાગ્રહ

બ્રિટીશ રાજના સમયગાળા દરમિયાન ભારતના ગુજરાત રાજયના, ખેડા જિલ્લામાં, 1918 ના ખેડા સત્યાગ્રહ, ગાંધીજી દ્વારા આયોજિત એક સત્યાગ્રહ આંદોલન હતું. ભારતીય સ્વતંત્રતા ચળવળમાં તે મુખ્ય બળવો હતો. ચંપારણ સત્યાગ્રહ અને અમદાવાદ મિલ હડતાલ પછી તે ત્રીજો સત્યાગ્રહ આંદોલન હતો. ગાંધીજીએ ખેડા જિલ્લાના ખેડુતોને ટેકો આપવા માટે આ આંદોલન કર્યું હતું. ખેડાના લોકો પાક નિષ્ફળતા અને પ્લેગ રોગચાળાને કારણે બ્રિટિશરો દ્વારા વસૂલવામાં આવતા કર-વેરો ચૂકવવામાં અસમર્થ હતા.તેમણે મહેસૂલ અધિકારીઓનો સામાજિક બહિષ્કાર પણ ગોઠવ્યો હતો.

ખેડા સત્યાગ્રહ ગાંધીજીની આગેવાની તથા સરદાર પટેલ તેમજ અન્ય ગાંધીવાદી નેતાઓ જેમકે નરહરી પરીખ, મોહનલાલ પંડ્યા, રવિશંકર વ્યાસ વગેરેનો સમાવેશ થાય છે.આ તમામે લોકોને સંઘર્ષ કરવા તૈયાર કરી યોગ્ય માર્ગદર્શન આપ્યા હતા. ગાંધીજી અને સરદાર પટેલે સ્થાનિક આંદોલન રાખવાનો નિર્ણય કર્યો જેના પરીણામે દેશના અન્ય લોકોને આંદોલનમાં જોડાવા નો વિરોધ કર્યો હતો. સરદાર પટેલ અને તેમના સહયોગીઓ અને ખેડૂતોએ મળીને અતિવૃષ્ટિની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કોર્ટમાં અરજી કરી મેક્કદમો મુક્યો, જેમાં તમામ લોકોની સહીઓ કરાવી હતી જે અરજીને મુંબઈ સરકાર દ્વારા ફગાવી દેવામાં આવી હતી. તેમજ તમામ લોકોને ચેતવણી આપવામાં પણ આવી હતી કે જો તમે કર નહીં ચૂકવો તો તમને દંડના સ્વરૂપમાં તમારી ખેતી અને તમામ

Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-JOURNAL (HISTORY)
SINCE 2019
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

સંપત્તિને જપ્ત કરવામાં આવશે અને પોલીસ તંત્રને પણ સદર આદેશ આપવામાં આવ્યા હતા. જેનો તમામ લોકો અને ખેડુતોએ કોઇ પન પ્રકારનો  વિરોધ્ધ ન કર્યો હતો.

આ ચળવળમાં એકતા અને શિસ્તના અજોડ દર્શન આપણને જોવા મળે છે ખેડૂતોનું સર્વસ્વ છીનવી લેવા છતાં તેઓ શાંતિ રાખે છે. તેમને પણ ગુજરાતના અન્ય પ્રાંતના લોકોએ જરૂરી તમામ સગવડો પૂરી પાડીને સરકાર સામે રોષ પ્રગટ કર્યો હતો. આંદોલનના પરિણામે સરકાર કર માફ કરવા મજબુર બની અને ચાલુ તથા આગામી વર્ષનો કરવેરો માફ કર્યો તથા કરના દરમાં કરેલો વધારો પરત ખેંચ્યો. સાથે જ ખેડૂતોની જપ્ત કરાયેલી સંપતિ પરત આપવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો.

## ખિલાફત આંદોલન

મુસ્લિમ વસ્તી પર ગાંધીનો પ્રભાવ નોંધપાત્ર હતો. આ તેમની ખિલાફત આંદોલનમાં સામેલ થવામાં સ્પષ્ટ હતું. પ્રથમ વિશ્વ યુદ્ધ પછી, મુસ્લિમો તેમના ખલિફા અથવા ધાર્મિક નેતાની સલામતી માટે ડરતા હતા અને ખલીફાની તૂટી રહેલી સ્થિતિ સામે લડવા માટે વિશ્વવ્યાપી વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધી અખિલ ભારતીય મુસ્લિમ પરિષદના અગ્રણી પ્રવક્તા બન્યા અને તેમણે દક્ષિણ આફ્રિકામાં ભારતીય એમ્બ્યુલન્સ કોર્પ્સના દિવસોમાં સામ્રાજ્ય પાસેથી મેળવેલ મેડલ પાછા આપ્યા. ખિલાફતમાં તેમની ભૂમિકાએ તેમને રાષ્ટ્રીય નેતા બનાવ્યા.

## અસહકાર આંદોલન

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

ગાંધીને ખ્યાલ આવી ગયો હતો કે બ્રિટિશરો ભારતીયો તરફથી મળેલા સહકારને કારણે જ ભારતમાં રહી શક્યા છે. તેને ધ્યાનમાં રાખીને તેમણે અસહકાર આંદોલન કરવાની હાકલ કરી હતી. કોંગ્રેસના સમર્થનથી લોકોને ખાતરી આપી કે શાંતિપૂર્ણ અસહકાર સ્વતંત્રતાની ચાવી છે. જલિયાંવાલા બાગ હત્યાકાંડના અશુભ દિવસથી અસહકાર આંદોલન શરૂ થયું. ગાંધીએ સ્વરાજ અથવા સ્વ-શાસનનું લક્ષ્ય નક્કી કર્યું હતું, જે ત્યારથી ભારતીય સ્વતંત્રતા ચળવળનું સૂત્ર બન્યું.

અસહકાર ચળવળ એ ઇ.સ. ૧૯૨૦ થી ૧૯૨૨ સુધી ચાલેલી લાંબી ચળવળ માંથી એક હતી. આ ચળવળને ભારતીય મહાસભાના સમર્થન સાથે અહિંસાના માર્ગે ભારતમાં અંગ્રેજોનો વિરોધ કરવાનો હતો. આ ચળવળ દ્વારા બ્રિટિશ માલનો બહિષ્કાર સ્વદેશી અને સ્થાનિક ચીજ વસ્તુઓ અપનાવવી વગેરે કાર્યક્રમો હાથ ધરવામાં આવેલ, ગાંધીવાદીનું અહિંસાનું સૂત્ર અને ભારતની સ્વતંત્રતા માટે લાખો લોકો ચળવળને સમર્થન આપવા મેદાને ઉતર્યા હતા. ચળવળના મુખ્ય કારણોમાં વસાહતવાદી શોષણ, જલિયાવાલા બાગ હત્યાકાંડ, ભારતીય સમ્પતિનુ બ્રિટનમાં સ્થળાતર, તેમજ ભારતીય પેદશો કરતાં વિદેશી માલનું વધતું પ્રમાણ અને સ્થાનિકોની બેકારી તેમજ પ્રથમ વિશ્વ વિગ્રહ માં થયેલ કોઈપણ કારણ વિના બ્રિટન સેના હેઠળ લડતા સૈનિકોના મૃત્યુના કારણે ફેલાયેલા અસંતોષ જોવા મળે છે

આ ચળવળમાં મહમદઅલી જીના, એની બેસન્ટ, લોકમાન્ય તિલક જેવા નેતાઓએ હોમરૂલ આંદોલન ની શરુઆત કરી, જેની બ્રિટિશ સરકારે કોઇ જ નોધ લીધી નહીં. જ્યારે આ આંદોલનનો ઉદ્દેશ સહકારી માળખા અને તંત્રને આહવાન આપવાનો હતો જેથી સરકારે તેમની માંગણીને ધ્યાને લેવાની ફરજ પડી હતી. ગાંધીજીની અહિંસા નીતિના પરિણામે ઇ.સ. 1930 અને 1934 વચ્ચે ભારતના વિવિધ ભાગોમાં સંપૂર્ણ સ્વરાજ નું આંદોલન થયું અને મીઠાના સત્યાગ્રહ કરવામાં આવ્યો. આ

Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-JOURNAL (HISTORY)
SINCE 2019
E-ISSN No. 2582–046X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

આંદોલનને પરિણામે ભારતને વિશ્વમાં ઓળખ ઊભી કરી, તેમજ આ ચળવળના સ્વરૂપે ભારતીયોની માગણી સ્વિકાર કરાઈ અને ત્યારથી કોંગ્રેસ પાર્ટીનું પ્રતિનિધિત્વ ભારતમા મજબૂત બનીને ઉભરી આવી. ભારત સરકારના ઇ.સ. ૧૯૩૫ ના કાયદા પરિણામે લોકોને લોક્શાહિની ઢબે સરકાર ચૂંટવાનો અનુભવ થયો.

## મીઠા સત્યાગ્રહ

મીઠા સત્યાગ્રહને દાંડી આંદોલન તરીકે પણ ઓળખાય છે, ગાંધીજીની મીઠા સત્યાગ્રહના સ્વતંત્રતા સંગ્રામના ઇતિહાસમાં એક મહત્વપૂર્ણ ઘટના માનવામાં આવે છે. 1928 ની કલકત્તા કોંગ્રેસમાં, ગાંધીએ જાહેર કર્યું કે બ્રિટિશરોએ ભારતને પ્રભુત્વનો દરજ્જો આપવો જ જોઇએ અથવા સંપૂર્ણ સ્વતંત્રતા માટે દેશ ક્રાંતિમાં ભડકે બળશે. અંગ્રેજોએ આ તરફ ધ્યાન આપ્યું ન હતું.

પરિણામે, 31 ડિસેમ્બર, 1929 ના રોજ લાહોરમાં ભારતીય ધ્વજ લહેરાયો હતો અને ત્યારબાદ 26 જાન્યુઆરીએ ભારતીય સ્વતંત્રતા દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો. ત્યારબાદ, ગાંધીએ માર્ચ 1930 માં મીઠા વેરા સામે સત્યાગ્રહ અભિયાન શરૂ કર્યું હતું. તેમણે મીઠું બનાવવા માટે અમદાવાદથી દાંડી સુધીની 388 કિલોમીટર કૂચ કરી હતી. હજારો લોકો તેમની સાથે જોડાયા અને તેને ભારતીય ઇતિહાસનો સૌથી મોટા કૂચ તરીકે ઓળખવામા આવે છે.

## ભારત છોડો આંદોલન

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ગાંધીજીએ બ્રિટિશ સામ્રાજ્યને એક નિશ્ચિત ફટકો મારવાનું નક્કી કર્યું હતું. જ્યારે બ્રિટિશરોએ યુદ્ધ માટે ભારતીયોની ભરતી શરૂ કરી ત્યારે આ બન્યું. ગાંધીએ સખત વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે ભારત જ્યારે સ્વતંત્ર દેશ નથી ત્યારે લોકશાહી હેતુઓની તરફેણમાં

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

હોય તેવા યુદ્ધમાં ભારતીય ભાગ લઈ શકશે નહીં. આ દલીલથી વસાહતીઓની બે ચહેરાની છતી થઈ અને અડધા દાયકાની અંદર, તેઓ આ દેશની બહાર ગયા.

૮મી ઓગસ્ટ ૧૯૪૨ના દિવસે ગાંધીજી દ્વારા કરાયેલ આહ્વાન પર ભારત છોડો આંદોલનની શરૂઆત થઈ અને આંદોલનને ભારત દેશને આઝાદ કરવા માટે અંગ્રેજ શાસન વિરુદ્ધનું આંદોલન હતું. ક્રિપ્સ મિશનની અસફળતા મળ્યા બાદ ગાંધીજીએ બ્રિટિશ શાસનની વિરુદ્ધમાં ત્રીજો મોટુ આંદોલન છેડવાની ફેંસલો કર્યો હતો. ઓગષ્ટ ૧૯૪૨માં શરૂ થયેલા આંદોલન "અંગ્રેજો ભારત છોડો" એવું નામ આપવામાં આવ્યું હતું જો કે ગાંધીજીને તત્કાળ ધરપકડ કરી લેવામાં આવ્યા હતા. આમ છતાં દેશભરના યુવા કાર્યકર્તાઓ હડતાલ તોડફોડ જેવી અનેક કાર્યક્રમો સાથે આંદોલનને આગળ ચલાવ્યુ. કોંગ્રેસ પક્ષમાં જયપ્રકાશ નારાયણ જેવા સમાજવાદી સદસ્ય ભૂમિગત પ્રતિરોધિ ગતિવિધિઓમાં સૌથી વધારે સક્રિય રહ્યા હતા. પશ્ચિમ ભાગમાં સાતારા અને પૂર્વ ભાગમાં મેદિનીપુર જેવા કેટલાય જિલ્લાઓમાં સ્વતંત્ર સરકાર, પ્રતિસરકારની સ્થાપના કરી દેવામાં આવી હતી. અંગ્રેજોએ આ આંદોલનના પ્રતિરોધમાં અત્યંત સખ્ત રવૈયો અપનાવ્યો હતો. આમ છતાં આ વિદ્રોહને ડામવા માટે સરકારને એક વર્ષથી પણ વધારે સમય લાગ્યો હતો.

## મુલ્યાંકન

મહાત્મા ગાંધી વિશ્વના મહાન ક્રાંતિકારીઓમાંના એક છે, ફક્ત તેમની ક્રાંતિ લોહિ વિનાની અને શાંતિપૂર્ણ હતી. તેમણે ન્યાયનુ પાલન કરીને અન્યાય સામે લડ્યા, હિંસા સામે તેમણે અહિંસક રીતે લડત આપી, તેમણે બધાને હળિમળિને ભેદભાવનો વિરોધ કર્યો.

તેઓ દ્રઢતાપૂર્વક માનતા હતા કે, એક આંખ પણ એવિ હોવિ જોઇએ કે, જે આખા વિશ્વના અંધકારને દૂર કરી શકે. સત્ય અને અહિંસાના સિદ્ધાંતો સાથે રહેવાની તેમની નિષ્ઠા એ વિશ્વના ઘણા મહાન નેતાઓ જેમ

Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-JOURNAL (HISTORY)
SINCE 2019
E-ISSN No. 2582–046X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

કે માર્ટિન લ્યુથર, કિંગ જુનિયર અને નેલ્સન મંડેલા જેવા બીજા ઘણા લોકોને એમના વ્યક્તિતવનો પ્રભાવ પોતાના જીવનમા પ્રેરણાના બિંદૃ સ્વરૂપ ગણ્યા હતા.

તેઓ વારંવાર કહેતા હતા કે, "અહિંસા એ માનવિયતાના મુલ્યોની સૌથી મોટુ શક્તિશાળી હથિયાર છે. જે માનવ દ્વારા નિર્મિત વિનાશકારી શસ્ત્રો કરતા પણ વધુ શક્તિશાળી છે".

## સંદર્ભ સૂચી :


1. ગાંધી, મોહનદાસ કરમચંદ, “સત્યના પ્રયોગો અથવા આત્મકથા”, પ્રકાશક : નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, નવમી આવૃતિ, ઓગષ્ટ – ૧૯૫૨.
2. "ગાંધીજી: એક રાષ્ટ્રીય સેવક" પ્રકાશક : મહેબૂબ દેસાઈ, ૨૦૧૨ (ભાવનગર યુનિવર્સીટી સેમિનાર ISBN બુક)
3. પારેખ,ભીખુ, અનુવાદ - પંડ્યા, હસમુખ "ગાંધીજી સંક્ષિપ્ત પરિચય" પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, પ્રથમ આવૃત્તિ – ૨૦૧૨.
4. ખંભોળજા, હરિહર, "ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામ અને તવારીખ " (કોંગ્રેસ - ઐતિહાસિક ભૂમિકા - વિચારધારા), પ્રકાશક : ખંભોળજા હરિહર, ૨૦૦૬.
5. નેહરુ, જવાહરલાલ, અનુવાદ અને સંક્ષેપ : દેસાઈ, મણિભાઈ ભ. "જગતના ઇતિહાસનું સંક્ષિપ્ત રેખાદર્શન" પ્રકાશક : નવજીવન ટ્રસ્ટ, પાંચમી આવૃત્તિ ૨૦૧૪.
6. ભટ્ટ, મીરા, “ગાંધીયુગની આકાશ ગંગા” પ્રકાશક : ભારત સાહિત્ય મંદિર, ૨૦૧૨.
7. બિરલા, શ્રીઘનશ્યામદાસ, અનુવાદક : દાંડીકર મોહન, “બાપુ” નવભારત સાહિત્ય મંદિર, ૨૦૧૨
8. ગાંધી, મોહનદાસ કરમચંદ, સંકલન અને સંક્ષેપ : મહેન્દ્ર મેઘાણી, "ગાંધીજીની જીવનયાત્રા એમના જ શબ્દોમાં" (મહાત્મા ગાંધીના બે પુસ્તક સત્યના પ્રયોગો અને દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ માંથી), પ્રકાશક : લોક મિલાપ ટ્રસ્ટ, ૨૦૦૯

Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-JOURNAL (HISTORY)
SINCE 2019
E-ISSN No. 2582–046X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

9. **Gandhi, M. K., "Hind Swaraj or Indian Home Rule", Navajivan Publishing House, Ahemadabad, First Edition – 1938**

10. **Gandhi, M. K., "THE STORY OF MY LIFE", Navajivan Publishing House, Ahemadabad, First Edition – July 1955**

11. **Rai, Ajay Shanker, "Gandhian Satyagraha : An Analytical And Critical Approach", Concept Publishing Company, First Edition – 2000**

12. **Meghani, Mahendra** (Condensed and Compiled) From M. K. Gandhi's two books An Autobiography and Satyagraha in South Africa **"THE GANDHI STORY in his own words", Published by Gopal Meghani - LOK'MILAP TRUST, March - 2009**
( PDF Book Link : https://www.mkgandhi.org/ebks/the-Gandhi-story-in-his-own-words.pdf )

13. **Mohinder Singh, "The story Of Salt", (Article) Gandhi Marg, October-December 2002, Vol. 24, No. 3**

14. **Maya Chadda, "Satyagraha: Gandhi's Approach To Peacemaking", (Article) Darshan, New York, Oct 1987**

15. **"Dandi... A Turning Point of Freedom Struggle" (Article) The Times of India, dated March 14,2005, page 12**

16. **"Salt Satyagraha and Dandi March" (Article) 'Dandi March and Salt Satyagraha' Published by : National Gandhi Museum, Rajghat, New Delhi**

17. **Chaudhuri,Ranjit, "Gandhi's Champaran Mission : Its Context and Implications" (Article) Gandhi Marg, Volume 18, Number 1, April-June 1996.**

18. **Tripathy, Ansuman, "Mohan to Mahatma, journey through Champaran" Web Site Article -** https://www.mkgandhi.org/articles/mohan-to-mahatma-journey-through-champaran.html